# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાણંદમાં માઇક્રોનના સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે.**
2. **આજથી ‘સર્વાઇકલ કેન્સર વિરોધી H.P.V. રસીકરણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ થશે.**
3. **અમદાવાદમાં 500 કરોડના ખર્ચે અત્યાધુનિક ‘સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ’ નિર્માણ કરાશે.**
4. **પોરબંદર S.O.G. દ્વારા 1 કરોડ 82 લાખની કિમતના એમ્બરગ્રીસ સાથે એક વ્યક્તિની ધરપકડ કરાઇ**
5. **AMC દ્વારા તમામ કોર્પોરેશન બિલ્ડિંગ અને શહેરના તળાવોમાં સોલર પ્લાન્ટ સ્થાપી વીજ ઉત્પાદન કરાશે.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# PM-GUJARAT-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે ગુજરાતની મુલાકાત લેશે. તેમની મુલાકાત દરમિયાન , શ્રી મોદી સાણંદમાં માઇક્રોન ટેકનોલોજીની અત્યાધુનિક સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટ અને પેકેજિંગ **(ATMP)** સુવિધાનું ઉદ્ઘાટન કરશે.

આ સીમાચિહ્નરૂપ ઘટના પ્રથમ મેડ-ઇન-ઇન્ડિયા સેમિકન્ડક્ટર મેમરી મોડ્યુલ્સના વાણિજ્યિક ઉત્પાદન અને શિપમેન્ટની સત્તાવાર શરૂઆત દર્શાવે છે. કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવ પણ હાજર રહેશે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ

## વોઈસ કાસ્ટ - APARNA KHUNT

---

# SEMICONDUCTOR CONFERENCE

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આવતીકાલે **1**લી માર્ચ અને બીજી માર્ચ એમ બે દિવસીય 'ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ- **2026**' યોજાશે તેમ વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું. આ અંગે વધુ માહિતી આપતા તેમણે આ મુજબ જણાવ્યું,

## (બાઇટ - અર્જુન મોઢવાડીયા)

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , કેન્દ્રીય આઈ ટી મંત્રી અશ્વિની વૈષ્ણવ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિતિ રહેશે.

ગુજરાત સેમીકનેક્ટ કૉન્ફરન્સ- 2026નું આયોજન રાજ્યના ફ્લેગશિપ પ્લેટફોર્મ તરીકે કરવામાં આવી રહ્યું છે, જેનો હેતુ વૈશ્વિક અને સ્વદેશી સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ભાગીદારોને એકત્રિત કરવાનો છે. આ પરિષદનો હેતુ હાઈ-ટેક ચિપ ઉત્પાદકો, સપ્લાય ચેઇન ભાગીદારો અને સ્થાનિક ઉદ્યોગો વચ્ચે વ્યૂહાત્મક સહકાર સક્ષમ બનાવી , ગુજરાતમાં સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમના વિકાસને મજબૂત બનાવવાનો છે.

આ કાર્યક્રમમાં મુખ્ય રોકાણકારો ઉપસ્થિતિ પણ રહેશે અને વૈશ્વિક અને ભારતીય અગ્રણી નિષ્ણાતો સાથે કેન્દ્રિત પેનલ સત્રો યોજાશે. પરિષદમાં આંતરરાષ્ટ્રીય અને ઉદ્યોગ સંબંધો મજબૂત કરવા માટે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજાશે.

---

## HPV VACCINATION CAMPAIGN

આજથી ‘સર્વાઇકલ કેન્સર વિરોધી એચ.પી.વી રાષ્ટ્.વ્યાપી રસીકરણ અભિયાનનો પ્રારંભ થશે . પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહિલાઓમાં ગર્ભાશય મુખના કેન્સર વિરોધી **H.V.P.** રસીકરણનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરાવશે.

રાજ્યવ્યાપી રસીકરણ અભિયાનનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પ્રારંભ થશે. આ રસી ગર્ભાશયના કેન્સરથી સુરક્ષા આપે છે અને વૈજ્ઞાનિક રીતે સુરક્ષિત તથા અસરકારક છે.

આ અંગે ગીર સોમનાથના ચીફ ડૉક્ટર વધુ માહિતી આપતા જણાવ્યું કે,

**બાઈટ – અરૂણ રોય, જિલ્લા આરોગ્ય અધિકારી**

ઉલ્લેખનીય છે કે, આ અભિયાન અંતર્ગત શિક્ષણ વિભાગ સાથે સંકલન કરીને નોડલ શિક્ષક દ્વારા પાત્ર કિશોરીઓની યાદી આરોગ્ય વિભાગને આપવામાં આવશે. આરોગ્ય કર્મચારી અને નોડલ શિક્ષકો દ્વારા રસીકરણ પૂર્વે રસી અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાશે.

સાબરકાંઠા જિલ્લામાં 14 ,155 કિશોરીઓને HPV રસી આપવા માટે તૈયારી અને વ્યવસ્થા કરાઇ રહી છે

---

# NON-GOVERNMENTAL RESOLUTION

'ગુજરાત સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોન્કલેવ- 2023' બિન-સરકારી સંકલ્પ વિધાનસભા ગૃહમાં સ્વીકારવામાં આવ્યો છે

વિધાનસભા ખાતે રમતગમતના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા મહત્વના નિર્ણયો અંગે રમત-ગમત રાજ્ય મંત્રી ડૉ. જયરામ ગામીતે કહ્યું કે, ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ ખાતે 500 કરોડના ખર્ચે એક્વેટિક સ્ટેડિયમ અને સ્પોર્ટ્સ એક્સેલન્સ ઇન્સ્ટિટ્યૂટનું નિર્માણ કરવામાં આવશે.

આ ઉપરાંત ગાંધીનગર ખાતે દિવ્યાંગ ખેલાડીઓ માટે 100 કરોડના ખર્ચે અત્યાધુનિક પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટરની કામગીરી પ્રગતિમાં છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા નવીન મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં રમત ગમત સંકુલોના નિર્માણ માટે પણ 10 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

શ્રી ગામીતે વધુમાં જણાવ્યું કે, આગામી સમયમાં રાજ્યમાં એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ, એશિયન વોલીબોલ મેન્સ કપ, વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સ જેવી સ્પર્ધા યોજાશે.

---

# PORBANDAR SOG

પોરબંદર **SOG** દ્વારા **1** કરોડ **82** લાખની કિંમતની વ્હેલ માછલીની ઊલટી સાથે એક વ્યક્તિની ધરપકડ કરાઇ છે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે, પોરબંદરના નરસંગ ટેકરી હાઇવે રોડ પરથી બાતમી આધારે એસઓજી ટીમે બીલખાના એક શખ્સને ઝડપી તપાસ કરતા **1** કિલો **829** ગ્રામ એમ્બરગ્રીસ એટલે કે વ્હેલ માછલીની ઊલટી મળી આવી છે. એસઓજી દ્વારા જથ્થો કબ્જે કરી **1** કરોડ **82** લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

## (બાઈટ – સુરજીતસિંહ)

ઉલ્લેખનીય છે કે એમ્બરગ્રીસનો ઉપયોગ ઉચ્ચ કક્ષાના પરફ્યુમ બનાવવા માટે થાય છેઆંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત કરોડોમાં હોઈ શકે છે. ભારતમાં એમ્બરગ્રીસનું રાખવું કે વેચવું ગેરકાનૂની છે

---

# SOLAR PANAL - AMC

નેટ ઝીરો તરફ આગળ વધવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન - **AMC** દ્વારા એક મહત્વનું પગલું લેવામાં આવ્યું છે. જે અંતર્ગત **AMC** દ્વારા તમામ કોર્પોરેશન બિલ્ડિંગ પર સોલર પેનલ લગાવાશે અને શહેરના તળાવોમાં ફ્લોટિંગ સોલર પ્લાન્ટ સ્થાપી વીજ ઉત્પાદન કરાશે. જેના માટે રાજ્ય સરકારની એજન્સીને કામ સોંપવાની મંજૂરી આપવામાં આવી છે.

**AMC** સો ટકા રીન્યુએબલ એનર્જી ઉપયોગ તરફ આગળ વધી રહી છે. જેને પગલે અંદાજે **3** હજાર કરોડની બચત કરશે.

આ સાથે જ પર્યટન વિકાસ માટે કમિટી રચવામાં આવી છે અને કાંકરિયા લેકફ્રન્ટ ખાતે **10** કરોડના ખર્ચે **PPP** ધોરણે કેન્ડી વર્લ્ડ મ્યુઝિયમને મંજૂરી આપવામાં આવી છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ વધુમાં આ મુજબ જણાવ્યું.

## (બાઇટ - દેવાંગભાઈ દાણી)

---

## JITU VAGHANI

ગુજરાત વિધાનસભામાં પ્રાકૃતિક કૃષિ પર પરિસંવાદ થયો. જેમાં રાસાયણિક ખેતીને બદલે પ્રાકૃતિક ખેતી કરવાની વાત કરવામાં આવી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગે જાગૃતિ લાવવાના પ્રયાસ અંગે કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ખુશી વ્યક્ત કરતાં આ મુજબ જણાવ્યું,

## (બાઇટ - જીતુ વઘાણી , કૃષિ મંત્રી)

---

## SCIENCE DAY

આજે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ છે. ખ્યાતનામ ભૌતિકશાસ્ત્રી સર સી.વી.રામન દ્વારા કરવામાં આવેલી 'રામન ઇફેક્ટ'ની શોધની યાદમાં દર વર્ષે **28** ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે. .

**2026**નો રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ રાજ્યના યુવાધનને સંશોધન અને નવીનતા **(Innovation)** તરફ પ્રેરિત કરવા માટે સમર્પિત છે. વર્ષ ૨૦૨૬ માટે રાજ્ય સરકારે વિજ્ઞાન દિવસની ઉજવણી માટે "ટકાઉ ભવિષ્ય માટે સ્વદેશી ટેકનોલોજી" પર વિશેષ ભાર મૂક્યો છે. આ અંતર્ગત સેમીકન્ડક્ટર , રિન્યુએબલ એનર્જી અને ગ્રીન હાઇડ્રોજન જેવી આધુનિક ટેકનોલોજીને સામાન્ય નાગરિકો સુધી પહોંચાડવાનું લક્ષ્ય રખાયું છે.

અમદાવાદણ સાયન્સ સિટી ખાતે વિજ્ઞાન દિવસ નિમિતે નવા પ્રકલ્પોનું લોકાર્પણ અને વિશેષ પ્રદર્શનો યોજાશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ ( **DST)** દ્વારા રાજ્યના તમામ **34** જિલ્લાઓમાં 'સાયન્સ કાર્નિવલ 'નું આયોજન કરવામાં આવ્યું છે. અંતરિયાળ ગામડાઓના બાળકો વિજ્ઞાનના પ્રયોગો જાતે કરી શકે તે માટે 'લેબ ઓન વ્હીલ્સ' કાર્યક્રમ નું આયોજન કરાયું છે. આ સાથે શાળા-કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા શ્રેષ્ઠ ઇનોવેટિવ પ્રોજેક્ટ્સને રાજ્ય સરકાર દ્વારા સન્માનિત કરવામાં આવશે.

---

# KHARWA MOWASA VACCINE

પાટણ જિલ્લામાં **5** લાખ **20** હજાર ગાય ભેંસોને ખરવા મોવાસા રસી અપાશે

પાટણ જિલ્લામાં આવતીકાલથી ખરવા-મોવાસા રોગ વિરોધી રસીકરણના **8**માં તબક્કાનો પ્રારંભ થશે. આ રસીકરણ અભિયાન અંતર્ગત પાટણ જિલ્લામાં તારીખ **1** માર્ચથી **15** એપ્રિલ સુધીમાં ગાય અને ભેંસ વર્ગના તમામ **5** લાખ **20** હજાર જેટલા પશુઓનું રસીકરણ કરવાનું આયોજન કરાયું છે.

આ રસીકરણ કાર્યક્રમમાં પશુપાલન ખાતાની સંસ્થાઓના પશુધન નિરીક્ષકો, ડેરી સંઘના વેક્સિનેટર, ગોપાલમિત્રો, મૈત્રી સહિત કુલ 236 જેટલા માનવબળ પશુપાલકોના ઘરે ઘરે, ગૌશાળા અને પાંજરાપોળોમાં ફરી રસીકરણ કરશે. તમામ પશુપાલકોએ આ રસીકરણ કાર્યક્રમમાં સહકાર આપીને તમામ પશુઓનું રસીકરણ કરાવવા તંત્ર દ્વારા અપીલ કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે આ રસીના ડોઝ ગાભણ પશુ અને દૂધ આપતા પશુઓમાં પણ કરી શકાતું હોય કોઈપણ પ્રકારના દુષ્પ્રચારને ધ્યાને ન લઈ ખરવા મોવાસા રસીકરણ કરાવવાથી પશુઓનું આરોગ્ય અને પશુઓનું દૂધ ઉત્પાદન પણ જળવાશે.

---